**સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) જોળ/કરમસદ જિ. આણંદ માટે ખાનગી મકાન ભાડેથી રાખવાની મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ઠરાવ ક્રમાંક: SJED/AWA/e-file/17/2026/1877/A-1 Section**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા. ઈ- સાઇન મુજબ.**

**વંચાણે લીધા:-**

(૧) નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૩૧/૦૭/૨૦૨૬નો પત્ર ક્ર:DDCW/HSR/e-file/225/2026/1818/CHH-Branch-Board Corporation - Govt Host.

**આમુખ:-**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) પરના પત્રથી નિયામકશ્રી (વિ.જા.ક.)એ સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) જોળ, જિ.આણંદ માટે શ્રી રાજેશભાઈ રામાભાઈ પટેલ અને જ્યોત્સનાબેન રાજેશભાઈ પટેલની માલિકીનું વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ પ્રો.નં.૧૩૭૭/૧૩૭૮/૧ (અંબા ભુવન) નું મકાન રૂ.૭૪,૦૦૦/- પ્રતિમાસ પ્રમાણે ખાનગી મકાન ભાડેથી રાખવા માટેની મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે સરકારી કુમાર છાત્રાલય (વિ.જા.) જોળ/કરમસદ, જિ.આણંદ માટે શ્રી રાજેશભાઈ રામાભાઈ પટેલ અને જ્યોત્સનાબેન રાજેશભાઈ પટેલની માલિકીનું વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ પ્રો.નં.૧૩૭૭/૧૩૭૮/૧ (અંબા ભુવન) નું મકાન રૂ.૭૪,૦૦૦/- (અંકે રૂપિયા ચુમોતેર હજાર પુરા) પ્રતિમાસ પ્રમાણે મકાનનો કબજો મેળવે તે તારીખથી એક વર્ષ અથવા અન્ય સરકારી મકાન ઉપલબ્ધ થાય, તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી ભાડેથી રાખવા નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

- જે તારીખે મકાનનો કબજો મેળવવામાં આવે તે તારીખથી મકાનનું ભાડું ચૂકવવાનું રહેશે.
- આ મકાન ભાડે રાખ્યા બાદ મકાન ભાડે રાખ્યા અંગેનો કરાર કરવાનો રહેશે.
- આ મકાનમાં છાત્રાલયને અનુરૂપ જરૂરી સુધારા-વધારા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે.
- મકાનમાં છાત્રો માટે જરૂરી સંખ્યામાં સંડાસ, બાથરૂમની સગવડ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાના રહેશે તથા યોગ્ય સેનીટિશન મકાનમાલિકે જાળવવાનું રહેશે.
- મકાન માલિકે વીજળી, પાણી, ટ્યુબલાઇટ, પંખા, પુરતી સગવડ પુરી પાડવાની રહેશે.
- મકાન માલિકે પોતાના ખર્ચે નિયમોનુસાર મકાનમાં જરૂરી ફાયરસેફ્ટી સિસ્ટમ અને સી.સી.ટી.વી. કેમેરા લગાવવા રહેશે તેમજ ફાયરસેફ્ટી અંગેની વખતોવખતની સરકારી ગાઇડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.
- મકાન ભાડે રાખવાની અન્ય સરકારી હુકમો/શરતોનું પાલન કરવાનું રહેશે.
- આ અંગેનો ખર્ચ જે-તે નાણાકીય વર્ષમાં થયેલ બજેટ જોગવાઈની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.
- એક વર્ષ બાદ મકાન ભાડે રાખવાની જરૂરીયાત જણાય તો, કાર્યપાલક ઇજનેરશ્રીનું મકાન ભાડા અંગેનું પ્રમાણપત્ર નવેસરથી મેળવીને વિભાગને મંજૂરી અર્થે દરખાસ્ત રજૂ કરવાની રહેશે.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીએ સરકારી કુમાર છાત્રાલય(વિ.જા.), જોળ માટે સરકારી મકાનના બાંધકામ માટે તાત્કાલિક નિયમોનુસારની જરૂરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૨૦/૦૮/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**e-SD/-**

**(દેવ્યાની ઝાલા)**
**સેકશન અધિકારી**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**નકલ રવાના:-**

- સચિવશ્રી (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, આણંદ [નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત]
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી(કો.સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર(વિભાગની વેબસાઇટ પર મૂકવા સારૂ.)
- સિલેકટ ફાઇલ-૨૦૨૬.

*Signature Not Verified*

*Signed by:Devyani Zala*
*Section Officer*
*Date:2026.08.25*
*17:47:32 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*